# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-11-2024** **MIDDAY : 2.30 to 2.35**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CHINTAN SHIBIR

સોમનાથ સ્થિત રાજ્ય સરકારની 11મી ચિંતન શિબિરનો આજે બીજો દિવસ છે. સરકારી સેવાઓના સુદ્રઢીકરણ માટે એ.આઈ. એટલે કે, કૃત્રિમ બુદ્ધિમતા ટેક્નોલોજીના ઉપયોગ અંગે માર્ગદર્શક સત્ર યોજાયુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સત્રમાં સરકારના અભિયાનો વધુ અસરકારક બનાવવા એ.આઈ. ટેક્નોલોજી અસરકારક બનાવવા અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

રાજ્યને એ.આઈ. આદર્શ બનાવવાની દિશા તરફની સંભાવનાઓ, ઉપલબ્ધતાઓ તથા હાલ થઈ રહેલી કામગીરી અંગેની ચર્ચા સત્રમાં  થઇ હતી.

આ ચર્ચા સભા અગાઉ સવારે શિબિરાર્થીઓએ સોમનાથ મંદિરના દરિયા કિનારે યોગ પ્રાણાયામ કરી શિબિરનો પ્રારંભ કર્યો હતો. યોગ શિબિરમાં યોગ શિક્ષક  દ્વારા આયુષ મંત્રાલય દ્વારા નિર્ધારિત કરાયેલા યોગ પ્રોટોકોલ મુજબ યોગ-પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા શિબિરાર્થીઓએ સૂક્ષ્મ ક્રિયા, ધ્યાન, પ્રાણાયામ, યોગ આસન તથા સૂર્ય નમસ્કાર કરી યોગ શિબિરમાં સહભાગી થયા

------------------------------------------------------------------

- પીટીસી- ગીર સોમનાથ – અખબારી યાદી – હર્ષલ પડ્યા

-(NAVIN)

# CYBER CASES

સાયબર ગુનાઓના કારણે રાજ્ય સહિત દેશભરમાં કરોડો રૂપિયાની છેતરપિંડી થઈ રહી છે. રાજ્ય સાયબર સેલ સીઆઈડી ક્રાઈમ દ્વારા જાહેર થયેલા આંકડામાં અંદાજે 150 કરોડ રૂપિયાની છેતરપિંડી ગુજરાતમાં થઈ છે. આ માટે 11 હજાર 600 ફરિયાદો નોંધાઈ છે. ગત ઓક્ટોબર મહિનામાં ખોટી ઓળખના બે હજાર 270 કેસ, કાર્ડના એક હજાર 151 કેસ, ઓનલાઇન શોપિંગના એક હજાર 130 કેસ તથા અન્ય એક હજાર 402 સહિત 11 હજાર 600 કેસ નોંધાયા હોવાની માહિતી સ્ટેટ સાયબર સેલના એસ.પી. ધર્મેન્દ્ર શર્માએ આપી હતી.

## (બાઇટ ધર્મેન્દ્ર શર્મા)

ઓનલાઇન છેતરપિંડી ના કિસ્સામાં સોશિયલ મીડિયામાં કોઈપણ લાલચમાં ન આવવા ની અપીલ પણ સ્ટેટ સાયબર સેલ દ્વારા કરવામાં આવી હતી.

--------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# SABARKANTHA CHILD MARRIAGES

સાબરકાંઠા જિલ્લા બાળ લગ્ન પ્રતિબંધક કચેરી દ્વારા બાળ લગ્ન અટકાવવા ખાસ હેલ્પલાઇન નંબર જાહેર કરાયા છે.

બાળલગ્નો ન થાય તે માટે સમૂહલગ્નનાં આયોજકો, સામાજિક આગેવાનો, ગોર મહારાજ, રસોઈયા, મંડપ ડેકોરેટર, ફોટોગ્રાફર તથા વર અને કન્યા પક્ષના પરિવારોને અપીલ કરવામાં આવી છે કે, બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-2006 મુજબ છોકરીના લગ્ન 18 વર્ષ પહેલાં અને છોકરાના લગ્ન ૨૧ વર્ષ પહેલા થાય એ સજાપાત્ર ગુનો છે અને સામાજિક દુષણ પણ છે.

આ કાયદાનો ભંગ કરનારને એક લાખ રૂપિયા સુધીનો દંડ અને બે વર્ષ સુધીની કેદ થઇ શકે છે.

-------------------------------------------------------------------

- - -હિં.સ. અનિલ

NAVIN

# Dang School

ડાંગ જિલ્લાની એકલવ્ય શાળા ખાતે જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા કાયદા અંગે એક દિવસનો સેમિનાર યોજાયો. દરમિયાન નાટ્યાત્મક રીતે બાળકોને પોક્સો એક્ટ એટલે કે, જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના કાયદા તથા ગુડ અને બેડ ટચ અંગે માહિતી આપવામાં આવી તેમજ સાઇબર ક્રાઇમ હેલ્પ લાઇન 1930 વિશે જાણકારી આપવામાં આવી હતી.

---------------------------------------------------------------------

- - ડાંગ, પીટીસી, રિદ્ધિ ઉંધાડ

-(NAVIN)

# Dang Youth Voter Festival

ડાંગ જિલ્લામાં યુવા મતદાર મહોત્સવની ઉજવણી અંતર્ગત મતદાર જાગૃતિ અભિયાન વેગંવતો બની રહ્યું છે. લોકશાહીમાં ચૂંટણીનું મહત્વ, નૈતિક મતદાન વિશે શાળાના બાળકો જાણે અને સમજે તે વિષય પર તેમને માર્ગદર્શન અપાયું હતું. વિવિધ શાળાઓના બાળકો પોતાના પરિવારોને તેમજ ગ્રામજનોને પણ મતદાન વિશે જાગૃત કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાર જાગૃતિ અંતર્ગત દર વર્ષે યુવા મતદાર મહોત્સવનું આયોજન કરાય છે.

-----------------------------------------------------------------------

- - ડાંગ, પીટીસી, રિદ્ધિ ઉંધાડ

-(NAVIN)

# MEHSANA JIRA VARYALI AVAK

મહેસાણાના ઊંઝા માર્કેટ યાર્ડમાં દૈનિક જીરું અને વરિયાળીની 15 બોરીથી વધુની આવક નોંધાઈ રહી છે. જીરાના ભાવમાં મણના ભાવ 4 હજાર 700થી 4 હજાર 750 રૂપિયા રહ્યા હતા. જ્યારે વરિયાળીની દૈનિક ત્રણ હજાર બોરીથી વધુની આવક થઈ રહી છે. તેના મણના 4 હજાર 500થી 5 હજાર 500 રૂપિયાના ભાવ મળી રહ્યા છે.

ઉપરાંત રાજસ્થાની ઈસબગુલની 6 હજાર બોરીની આવક થતાં તેનો ભાવ 2 હજાર 450થી 2 હજાર 550 રૂપિયાનો રહ્યો હતો. તેમજ તલની પણ 800 બોરીની આવક થઈ હતી, જેનો ભાવ રૂપિયા 2 હજાર 650 રૂપિયાથી 2 હજાર 850 રૂપિયા સુધીના રહ્યા હતા. આ સાથે જ ડાંગરના પાકની દૈનિક નવ હજાર બોરીની આવક થતાં તેનો ભાવ 380થી લઈ 538 રૂપિયા સુધીના રહ્યા હતા.

-----------------------------------------------------------------------

- **(PTC- MEHSANA- PRAVESH)** -(NAVIN)

# JAMNAGAR HEALTH CHECK UP CAMP

જામનગર જિલ્લાના પત્રકારો માટે રેડક્રોસ સોસાયટી અને માહિતી વિભાગ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં પત્રકારોને લોહીની ટકાવારી, લિપિડ પ્રોફાઇલ, કીડની, થાઇરોઇડ, બી-૧૨ અને વિટામિન ડી, ડાયાબિટીસ, એક્સ રે, ઇસીજી ના ટેસ્ટ કરી આપવામાં આવ્યા હતા.

આ કેમ્પમાં મોટી સંખ્યામાં જામનગરના પત્રકારો તેમજ તેમના પરિવારજનોએ ભાગ લઈ તેમનું મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું.

---------------------------------------------------------------------

- પીટીસી- જામનગર –હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................